આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળા, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના શૈક્ષણિક / બિન શૈક્ષણિક કર્મચારીઓને સાતમા પગારપંચનું એરિયર્સ ચૂકવવા બાબત

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ **TDD/FDD/e-file/25/2022/1000/GH**

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા **:** -

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૪/૦૮/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૨૦૧૭/૧૦૩૯/ઘ

પ્રસ્તાવના **:-**

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના ઠરાવથી, આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળા, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના અનુસૂચિ–૧માં પ્રમાણેના કુલ ૩૭૩૨ શૈક્ષણિક / બિન શૈક્ષણિક કર્મચારીઓને સાતમા કેન્દ્રીય પગાર પંચની ભલામણોના આધારે પગાર સુધારણાનો લાભ આપવામાં આપવામાં આવેલ છે.

આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૪/૦૮/૨૦૧૯ના ઠરાવની શરત નં.૫ મુજબ “આશ્રમશાળાઓ કર્મચારીઓની તા. ૦૧/૦૧/૨૦૧૬થી પગાર સુધારણા મંજૂર કરવાની રહેશે. પરંતુ ખરેખર પગારમાં ચૂકવણી વહીવટી વિભાગના હુકમોની તારીખથી પછીના માસની પહેલી તારીખથી મળવાપાત્ર થશે. તા.૦૧/૦૧/૨૦૧૬થી ખરેખર પગારમાં ચૂકવણીની તારીખ વચ્ચેના સમયગાળાના તફાવતની રકમ અંગે સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવે તે મુજબ ચૂકવણી કરવાની રહેશે” તેમ ઠરાવેલ હતું. જે અન્વયે આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળા, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬થી તા.૩૧/૦૮/૨૦૧૯ સુધીના સમયગાળાના સાતમા પગારપંચના એરિયર્સની રકમ ચૂકવવા મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે, આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળા તથા ઉચ્ચત્તર બુનિયાદી આશ્રમશાળાના કુલ ૩૭૩૨ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬થી તા.૩૧/૦૮/૨૦૧૯ સુધીના સમયગાળાની સાતમા પગાર પંચ મુજબ તફાવતની ચુકવવાપાત્ર રકમ ત્રણ સરખા માસિક હપ્તામાં એટલે કે પ્રથમ હપ્તો જુલાઈ – ૨૦૨૩માં, બીજો હપ્તો સપ્ટેમ્બર–૨૦૨૩માં અને ત્રીજો અને છેલ્લો હપ્તો ડિસેમ્બર–૨૦૨૩માં ચુકવવાની મંજૂરી આપવામાં આવે છે.

કર્મચારીઓને મળવાપાત્ર લાભો (એરીયર્સ) કરતાં વધુ લાભો ના ચુકવાઇ જાય તે નિયામકશ્રી(આ.વિ)એ સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સમાનાંકી ફાઈલ પર સરકારશ્રીની તા. ૦૭/૦૬/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

eSign
Signed by: pravinaben patel
Organization Unit: Tribal Development Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 03-Jul-2023 (04:18 PM)

(પી.એમ.પટેલ)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ -:

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ–૧ સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, આદિજાતિ વિકાસ,બિરસા મુંડા ભવન, સેકટર–૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ.